છે.

# IITમાં આ વર્ષે વિદ્યાર્થિનીઓની સંખ્યા વધવા સાથે કુલ વિદ્યાર્થી વધ્યા

અમદાવાદ,સોમવાર

આઈઆઈટી ગાંધીનગરમાં આ વર્ષે ગત વર્ષની સરખામણીએ વધુ વિદ્યાર્થીએ પ્રવેશ લીધો છે.આ વર્ષે બીઈની વિવિધ બ્રાંચમાં ૧૯૪ વિદ્યાર્થીઓનો પ્રવેશ થયો છે અને જેમાં વિવિધ ૧૮ રાજ્યોમાંથી વિદ્યાર્થીઓ આવ્યા છે.જેમાં સૌથી વધુ ૪૫ વિદ્યાર્થી રાજસ્થાનના છે.જ્યારે ગુજરાત અને મહારાષ્ટ્રમાંથી ઓછા છે.૧૯૪ વિદ્યાર્થીઓમાંથી વિદ્યાર્થિનીઓની સંખ્યા આ વર્ષે વધતા ૧૫ ટકા વિદ્યાર્થિનીઓ છે.મહત્વનું છે કે ગુજરાતમાંથી જેઈઈ એડવાન્સ કરનારા વિદ્યાર્થીઓમાંથી મોટા ભાગના વિદ્યાર્થીઓ મુંબઈ,દિલ્હી સહિતની અન્ય મોટી અને જુની આઈઆઈટીમા જવાનું પસંદ કરે છે.

**Title:** Number of students including females increased this year at IITGN
**Source:** Gujarat Samachar (Main Paper, Pg. No. 04)
**Link:** http://gujaratsamacharepaper.com/epaper.php?edition=Ahmedabad&date=2018-07-24&pageno=4#Article/GUJARAT_AHM_20180724_4_3/220px
**Date:** 24/07/2018